શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

To, ______________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૬ - અંક: ૪૨ ઓગસ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૫ (૯૦૯૯૯ ૭૮૧૨૭)


## ૧) ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી વિશાળ 'માનવઅશોકચક્ર' બનાવાયું :-

પોરબંદરની જાણીતી શૈક્ષણિક સંસ્થા 'ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલ' માં તા. ૧૫મી ઓગસ્ટના રોજ, સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં સવારના ૮:૦૦ વાગ્યે ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવવામાં આવ્યો. સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ, શ્રી ભરતભાઈ વિસાણાએ કરેલા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને આશીર્વચનો પાઠવતાં જણાવ્યું હતું કે, બ્રિટિશરોની ગુલામીમાંથી ભારત દેશે મુક્તિ મેળવ્યાને આજે ૬૮ વર્ષ પુરા થયાં છે. આ વર્ષો દરમ્યાન ભારતે ઘણી પ્રગતિ કરી છે અને હજુએ ઘણું કરવાનું બાકી છે. તમે સૌ ભારતનાં ભાવિ છો. મહેનત કરીને તમારી સાથો સાથ ભારતનાં ભાવિને પણ ઉજ્જવળ બનાવો. આ પ્રસંગે શ્રી ભરતભાઈએ 'ગુગલ' ના નવનિયુક્ત ભારતીય C.E.O. શ્રી સુંદર પિચાઈને પણ યાદ કર્યા હતા. વિદ્યાર્થિનીઓને પ્રગતિ સાધવાની ભલામણ કરી હતી.



આ પછી રજૂ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રાયમરી તથા હાઈસ્કુલ અંગ્રેજી માધ્યમ વિભાગ, હાઈસ્કુલ ગુજરાતી માધ્યમ, મહિલા કોલેજ, ડેલ, એમ.કોમ., હોસ્ટેલ તથા બી.એડ્. વિભાગનાં વિદ્યાર્થિનીઓએ ગ્રુપડાન્સ, દેશભક્તિ ગીત, વક્તવ્ય, સોલો ડાન્સ તથા શ્રી ચેતનભાઈ દવે દ્વારા તૈયાર કરાવાયેલા નાટક 'જાગતા રહો' રજૂ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ (EM) ની વિદ્યાર્થિનીઓ ચરાડવા કૃપા તથા ઓડેદરા માયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ તથા સમગ્ર સંકુલ પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

ધ્વજવંદનના કાર્યક્રમ પછી ગોઢાણિયા સંકુલના વિશાળ પટાંગણમાં 'રોટરેકટ કલબ પોરબંદર' તથા 'યુવા ડિસ્ટ્રીકટ ચેમ્બર-પોરબંદર' દ્વારા આયોજિત કાર્યક્રમમાં પોરબંદરની જુદી-જુદી શાળા કોલેજોના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ૩૭૯૯ ની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને ૧૯૦×૧૯૦ નું વિશાળ માનવ અશોકચક્ર બનાવ્યું હતું. સમગ્ર ભારતવર્ષમાં 'માનવ અશોકચક્ર' બનાવાયું હોય તેવો ૬૮ વર્ષમાં આ પ્રથમ બનાવ છે. આ તકે ૦૭ જેટલા વિશ્વરેકોર્ડ પણ સર્જાયા છે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી વાસણભાઈ આહિર, જિલ્લા કલેકટરશ્રી દિનેશભાઈ પટેલ, જિલ્લા પોલીસવડા શ્રી ગીરીશભાઈ પંડયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નેમાસાહેબ, ઉપરાંત શ્રી ભરતભાઈ વિસાણા, શ્રી હિરલબા જાડેજા, શ્રી અનિલભાઈ કારીયા, શ્રી પદુભાઈ રાયચુરા, મહંતશ્રી નેરન્દ્રબાપુ તથા શ્રી જ્યોતિબહેન મસાણી, ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ તમામને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

## ૨) ગોઢાણિયા મહિલા કોલેજમાં ઉજવાયેલો શ્રાવણ માસ - રકતદાન કેમ્પનું આયોજન :-

તા. ૨૧/૦૮/૨૦૧૫ ના રોજ, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં કાર્યરત 'હેલ્થ કમિટિ' તથા 'યુથ રેડક્રોસ'ના સંયુકત ઉપક્રમે એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં ૧૦૧ વિદ્યાર્થિનીઓ ઉપરાંત પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે પણ રકતદાન કરીને વિદ્યાર્થિનીઓને પ્રેરણા પુરી પાડી હતી. આ કેમ્પમાં 'આશા ચિલ્ડ્રન સોસાયટી-પોરબંદર' દ્વારા કાર્યરત બ્લડબેંકમાંથી શ્રી કમલભાઈ શર્મા તથા તેમની ટીમે ઉપયોગી સેવા પુરી પાડી હતી. આ રકતનો ઉપયોગ થેલેસેમિયા પીડિત બાળદર્દીઓની સારવારમાં કરવામાં આવશે.

રકતદાન કેમ્પ દરમ્યાન મહિલા કોલેજમાંથી હેલ્થ કમિટિ સાથે સંકળાયેલા ડૉ. જયશ્રીબહેન પરમાર, ડૉ. કેતનભાઈ શાહ, શ્રી ભારતીબહેન શીંગરખીયા તથા યુથ રેડક્રોસ સોસાયટી સાથે સંકળાયેલા ડૉ. ચેતનાબહેન બેચરા તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી શ્રી હરિભાઈ કગથરાએ જહેમત ઉઠાવી હતી તથા પ્રિ.શ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ આ કાર્યક્રમ સાથે સંળાયેલી તમામ વિદ્યાર્થિનીઓ તથા કોલેજ પરિવારના સભ્યશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## ૩) ગોઢાણિયા મહિલા કોલેજમાં 'શિક્ષક દિન તથા વિશ્વ હિન્દી દિવસ' ની ઉમંગભેર ઉજવણી :-



ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૧૪/૦૯/૨૦૧૫ના રોજ, 'શિક્ષક દિન' તથા 'વિશ્વ હિન્દી દિવસ' ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન તરીકે, શ્રી કે.એચ. માધવાણી કોલેજ-પોરબંદરના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. હર્ષાબેન મદલાણી ઉપસ્થિત રહ્યા હતા.

'શિક્ષક દિન' નિમિતે ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજમાં કાર્યરત દરેક વિદ્યાશાખાના તમામ વર્ગોમાં વિદ્યાર્થિનીઓએ 'એક દિવસના શિક્ષક' બનીને અધ્યાપનકાર્ય કર્યું હતું. ચાર તાસ સુધીના શિક્ષણકાર્ય પછી યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ સ્તુતિથી કર્યા પછી, મુખ્ય મહેમાન ડૉ. હર્ષાબહેન મદલાણી, પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ, મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલા સાહેબ તથા 'શિક્ષક દિન' ની ઉજવણીમાં જજ તરીકેની ભૂમિકા ભજવનાર પ્રાધ્યાપકશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને પછી કોલેજની વિદ્યાર્થિનીઓ કુ. કિરણ સાદિયા અને કુ. સંતોક પરમારે ભજન તથા કુ. ખુશ્બુ લોઢારીએ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફલેના શિક્ષણપ્રેમ અંગે વકતવ્ય રજૂ કર્યું હતું.



આ પછી સ્વાગત પ્રવચન તથા પ્રાસંગિક ઉદ્બોધન કરતાં પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે 'એક દિવસના શિક્ષકો' ને બિરદાવ્યા હતા તથા વિશ્વના શ્રેષ્ઠ ગુરૂજનો તરીકે - સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ, કોપરનિકસ, ન્યુટન, ડાર્વિન, શ્રી અરવિંદ ઘોષ, સ્વામી વિવેકાનંદ તથા શ્રી રવિન્દ્રનાથ ટાગોરને સન્માનપૂર્વક યાદ કર્યા હતા. ડૉ. હર્ષાબહેન મદલાણીએ પણ પોતાનાં પ્રવચન દરમ્યાન જણાવ્યું કે ''ગુરૂના આદર્શોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવાની બાબતને જ શિક્ષકદિનની સાચી ઉજવણી કહી શકાય.'' ઉપરાંત, તેમણે ગુરૂના વિવિધ પ્રકારો જેવા કે, ચંદન ગુરૂ, વિચાર ગુરૂ, કૂર્મ ગુરૂ, સ્પર્શ ગુરૂ,

ક્રૌંચ ગુરૂ, ચંદ્રગુરૂ અને અનુગ્રહ ગુરૂ અંગેની વિગતવાર સમજણ પુરી પાડી હતી. આ પછી તરત જ શિક્ષકદિનની ઉજવણીમાં વિજેતા જાહેર થયેલા શિક્ષકોને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા અને પછી ડૉ. હર્ષાબહેન મદલાણીને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

શિક્ષકદિનની ઉજવણીમાં દરેક વર્ગમાંથી પ્રથમ નંબરે વિજેતા થયેલી અને શિલ્ડ સાથે સન્માન પામેલી વિદ્યાર્થિનીઓ આ હતી.

| ક્રમ | વર્ગ | વિદ્યાર્થિનીનું નામ | ક્રમ | વર્ગ | વિદ્યાર્થિનીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | F.Y.B.A. | પ્રિયાંશી કારેણા | ૯. | F.Y.B.Sc.(Ho. Sci.) | હર્ષિદા જુંગી |
| ૨. | S.Y.B.A. | સંધ્યા પુરોહિત | ૧૦. | S.Y.B.Sc.(Ho.Sci) | હેમાલી ગોસ્વામી |
| ૩. | T.Y.B.A.(Eng.) | અશ્વિની સોનીગ્રા | ૧૧. | F.Y.B.Com.(G.M.) | મિતલ મોકરીયા |
| ૪. | T.Y.B.A.(Hindi) | અંકિતા ભરાડા | ૧૨. | S.Y.B.Com.(G.M.) | ભાવિશા ઓડેદરા |
| ૫. | T.Y.B.A. (Sankrit) | રેખા જગતિયા | ૧૩. | T.Y.B.Com.(G.M.) | મંજુ મોઢવાડિયા |
| ૬. | T.Y.B.A.(Guj.) | વિભૂતિ ગોહેલ | ૧૪. | F.Y.B.Com.(E.M.) | મિતાલી કાચેલા |
| ૭. | T.Y.B.A. (Eco.) | ચાંદની થાનકી | ૧૫. | S.Y.B.Com.(E.M.) | વનિતા પરમાર |
| ૮. | T.Y.B.A.(Soci.) | કિંજલ કાગડા | ૧૬. | T.Y.B.Com.(E.M.) | ઝરીના ઘડા |

આ પછી તરત જ 'વિશ્વ હિન્દી દિવસ' ની ઉજવણીના ભાગરૂપે નાટક 'યહાં રોના મના હૈ' તથા શ્રી ચેતનભાઈ દવે દ્વારા તૈયાર કરાવાયેલ નાટક 'નારી તું ના હારી' હિન્દી વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા રજુ કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ડીમ્પલ કલાની, કુ. કૃપા ચરડવા, કુ. જલ્પા રાઠોડ તથા કુ. સંગીતા ખેતરપાળએ કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ, ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઇ, હિન્દી વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ, ડૉ. વાઘેલા સાહેબ, ડૉ. સંગીતાબહેન પારેખ તથા ડૉ. જશુબહેન ચાનપા તથા સમગ્ર કોલેજની વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી તથા સૌને કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ, પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિ.શ્રી કગથરા સાહેબ અને ટ્રસ્ટીશ્રી વિસાણાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૪) ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા Industrial Visit :-

તા. ૨૧/૦૯/૨૦૧૫ ના રોજ, ગોઢાણિયા મહિલા કોલેજમાં સેમ-૫ (B.A. B.Com. તથા B.Sc. Home Science) માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે એક ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ જેટલી વિદ્યાર્થિનીઓએ પોરબંદરના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વનાણા મુકામે કાર્યરત બે પ્રતિષ્ઠિત કંપનીઓ 'સ્ટેબલ પ્લાસ્ટિક યુનિટ' તથા 'વેસ્ટ કોસ્ટ - સી ફૂડ' ની મુલાકાત લીધી હતી. જેમાં ઉત્પાદનની તમામ પ્રક્રિયાઓથી માંડીને જે તે વસ્તુના વેચાણ સુધીની તમામ બાબતોથી વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી, તમામ જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. આ વિઝિટ દરમ્યાન શ્રી સમીરભાઈ તેજુરાનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો. મહિલા કોલેજમાંથી આ વિઝીટને સફળ બનાવવા માટે ડૉ. ઈલાબહેન થાનકી તથા ડૉ. કેતનભાઈ શાહએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર મુલાકાત માટે પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી વિસાણાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૫) C.C.D.C. / UDISHA અંતર્ગત પ્રવૃતિ :-

(૧) તા. ૦૮/૦૮/૨૦૧૫ ના રોજ, એમ.બી.એ. તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી 'માર્ગદર્શક સેમિનાર' નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી પંકજ નકુમ સર તથા શ્રીમતી ક્રિષ્નાબહેન નકુમ દ્વારા વિદ્યાર્થિનીઓને એમ.બી.એ. માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં બી.કોમ. સેમ-૫ની ૧૦૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત શ્રી કલ્પનાબહેન જોષીએ તથા આભારવિધિ ડૉ. ઈલાબહેન થાનકીએ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. ચાંદની દવે તથા UDISHA ના અન્ય સભ્યશ્રીઓએ જહેમત ઉઠાવી હતી.

(૨) તા. ૧૩/૦૮/૨૦૧૫ ના રોજ, 'મહિલા સશક્તિકરણ પખવાડિયા', અંતર્ગત, 'જિલ્લા રોજગાર કચેરી-પોરબંદર' તથા ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના C.C.D.C. (Career Counselling and Development Centre) ના સંયુક્ત ઉપક્રમે એક 'રોજગાલક્ષી શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા કોલેજની ૩૧૨ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

આ શિબિરમાં જિલ્લા વિકાસ અધિકારી-પોરબંદર, શ્રી સી.પી.નેમા સાહેબ, પ્રાંત અધિકારી શ્રી ગણાત્રાસાહેબ, મદદનીશ શ્રમયુકત કચેરીના શ્રી. એ.કે. શિહોરાસાહેબ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ના આચાર્યશ્રી મનીષાબહેન વાઘેલા, રિલાયન્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની પોરબંદરના અધિકારી શ્રી કૃષ્ણકાંત જોષી સાહેબ જિલ્લા રોજગાર અધિકારી શ્રી રાઠોડસાહેબ તથા રોજગાર વિનિમય કચેરી-પોરબંદરના અધિકારીશ્રી કુછડીયા સાહેબ તથા શ્રી જોષી સાહેબ ઉપસ્થિત હતા.

શિબિરનો શુભારંભ શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરીને કરવામાં આવ્યો. આ પછી આઈ.ટી.આઈ.ના આચાર્યા શ્રી મનિષાબહેન વાઘેલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. પછી ડી.ડી.ઓ.શ્રી નેમાસાહેબે વિદ્યાર્થિનીઓને સ્વરોજગારી વિશે જરૂરી માહિતી આપી હતી અને પછી પોરબંદરની ત્રણ વિદ્યાર્થિનીઓને 'રોજગાર એનાયત પત્ર' અર્પણ કર્યું હતું.

આ પછી મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના અધિકારીશ્રી શિહોરાસાહેબ 'You win Card' વિષે તથા રિલાયન્સ લાઈફ ઈશ્યોરન્સ કંપની - પોરબંદરમાંથી આવેલા શ્રી કૃષ્ણકાંતજોષી સાહેબે 'ભરતી મેળા' વિષે માહિતી આપી હતી. જિલ્લા રોજગાર અધિકારી શ્રી રાઠોડસાહેબે પણ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું.

આ શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં 'સ્વરોજગારી અંગે જાગૃતિ' લાવવાનો હતો. શિબિરના અંતમાં ડૉ. ઈલાબહેન થાનકીએ આભારવિધિ કર્યા પછી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

(૩) તા. ૧૫/૦૯/૨૦૧૫ના રોજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત SUCEAT ની પરીક્ષા લેવાની વ્યવસ્થા દર વર્ષની જેમ આ વર્ષે પણ C.C.D.C. દ્વારા ગોઠવવામાં આવી હતી. આ પરીક્ષા આશરે ૨૫૦ વિદ્યાર્થિનીઓએ આપી હતી. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં B.A., B.Com. M.Com. તથા M.Sc. (IT) અભ્યાસક્રમોમાં જોડાયેલી વિદ્યાર્થિનીઓનો સમાવેશ થતો હતો. સમગ્ર વ્યવસ્થાને સરળ બનાવવામાં પ્રા. કલ્પનાબહેન જોષી, પ્રા. મુકુલભાઈ ગોકુલગાંધી, પ્રા. ચાંદની દવે, શ્રી સુનિતા પોપટીયા તથા પ્રા. મિતલ જેઠવાએ જહેમત ઉઠાવી હતી.

(૪) તા. ૧૯/૦૯/૨૦૧૫ ના રોજ, એક મોટીવેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી આવેલા શ્રી સંજયભાઈ રાવલે 'ભયમુકત જીવન' અંગે પોતાના મૌલિક વિચારો રજુ કર્યા હતા. જે જીવનના દરેક તબક્કામાં પ્રગતિ સાધવા માટે અત્યંત મૂલ્યવાન સાબિત થઇ શક તેમ છે. શ્રી સંજયભાઈએ આ અંગે તેમણે પોતે તૈયાર કરેલા પુસ્તકો અંગેની માહિતી પણ રજુ કરી હતી. પુસ્તકો વેચાણ માટે પણ મૂક્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ, શ્રી કલ્પનાબહેન જોષી તથા ડૉ. ઈલાબહેન થાનકીએ જહેમત ઉઠાવી હતી.

## ૬) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૦૧/૦૮/૨૦૧૫ ના રોજ, 'મહિલા સશક્તિકરણ પખવાડીયા' અંતર્ગત, કરાટે નિદર્શન કાર્યક્રમ.

૨) તા. ૦૨/૦૮/૨૦૧૫, 'મહિલા સશકિતકરણ' ના અનુસંધાને વિદ્યાર્થિનીઓ દ્વારા રેલી

૩) તા. ૦૪/૦૮/૨૦૧૫, 'પોલીસ વિભાગ-પોરબંદર' ના સહયોગથી ચોપાટી મેદાન ખાતે 'રાઈફલ શુટીંગ તાલીમ' નું આયોજન કરાયું હતું. જેમાં ગોઢાણિયા મહિલા કોલેજની ૨૨૦ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

૪) તા. ૧૪/૦૮/૨૦૧૫ 'જિલ્લા રોજગાર કચેરી પોરબંદર' ના સહયોગથી 'સ્વરોજગાર શિબિર ભાગ-૨' નું આયોજન કરવામાં આવ્યું.

૫) તથા 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ' ના અનુસંધાને 'પોલીસ પરેડ ગ્રાઉન્ડ-પોરબંદર' ખાતે યોજાયેલા 'યોગ નિદર્શન' કાર્યક્રમમાં મહિલા કોલેજની ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

૬) તા. ૧૫/૦૮/૨૦૧૫ના રોજ, ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું.

૭) તા. ૨૮/૦૮/૨૦૧૫, 'નગરપાલિકા પોરબંદર' દ્વારા આયોજીત, પોરબંદર શહેરના ૧૦૨૬મા સ્થાપના દિનની ઉજવણીના અનુસંધાને 'ત્રિદિવસીય કાર્યક્રમ' ના અનુસંધાને પોરબંદર શહેરમાં પુ.ગાંધીબાપુના સ્વપ્ન મુજબ, નગરજનોમાં 'સ્વચ્છતાલક્ષી વિચાર-પ્રસાર' ના હેતુથી એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ દ્વારા ભોજેશ્વર પ્લોટમાં Door to Door સ્વચ્છતાનો સંદેશ પહોંચાડયો.

૮) તા. ૧૪/૦૯/૨૦૧૫ 'શિક્ષક દિન' ઉજવણી

૯) તા. ૧૬/૦૯/૨૦૧૫, 'સ્વચ્છ ભારત અભિયાન'ના અનુસંધાને મહિલા કોલેજ કેમ્પલમાં સફાઈ કાર્યક્રમ કરવામાં આવ્યો, વિદ્યાર્થિનીઓએ સ્વચ્છતા જાગૃતિ અંગે સંકલ્પ કર્યો તથા સ્વચ્છતા સંબંધી ચિત્રસ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું.

## ૭) સ્વામી વિવેકાંનદ કેન્દ્ર અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૦૭/૦૮/૨૦૧૫, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

જેના વિષયો, (૧) સ્વામી વિવેકાનંદનું જીવન અને સંદેશ, (૨) સ્વામી વિવેકાનંદનના શિકાગો પ્રવચનો હતા. જેના નિર્ણાયકશ્રીઓ ડૉ. કેતનભાઈ શાહ તથા ડૉ. કીર્તિબહેન જાની હતા અને તેમાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઇ. (૧) કિરણ એચ. સોમૈયા, (૨) ઉર્મિલા આર. પાણખાણિયા, (૩) જયંતિ એચ. દાવડા

૨) એક નિબંધસ્પર્ધાનું આયોજન ઓગસ્ટ-૨૦૧૫ દરમ્યાન કરાયું હતું. જેના વિષયો વકતૃત્વ સ્પર્ધા મુજબના જ હતા અને તેમાં નિણાર્યકશ્રી તરીકે ડૉ. ગીતાબહેન ઉનડકટ એ સેવા આપી હતી. જેના વિજેતાઓ આ પ્રમાણે રહ્યા.

ગુજરાતી :- (૧) હીના એચ. કારાવદરા, (૨) પુનમ બી. હોદ્દાર, (૩) રેખા જી. મોઢવાડીયા,

અંગ્રેજી :- (૧) નંદિતા જે. ઘેડીયા, (૨) અંજલિ પાટણેશા, (૩) સાયલ માલમ

૩) તા. ૧૫/૦૯/૨૦૧૫ના રોજ, વિદ્યાર્થિનીઓ પાસેથી સ્વૈચ્છિક ભંડોળ એકઠું કરી, 'શ્રી રામબા સરકારી પ્રાથમિક શાળા' ના વિદ્યાર્થિનીઓને નોટ, પેન તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. કોલેજની કેટલીક વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થિનીઓ સાથે થોડો સમય પસાર કર્યો હતો. જેમની સાથે ડૉ. સુલભાબહેન દેવપુરકર તથા ડૉ. ગીતાબહેન ઉનડકટ પણ જોડાયા હતા.

## ૮) Youth Red Cross અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૦૧/૦૮/૨૦૧૫ - વૃક્ષારોપણ કાર્યક્રમ
- તા. ૨૧/૦૮/૨૦૧૫ - બ્લડ ડોનેશન કેમ્પ
- તા. ૨૪ અને ૨૫/૦૮/૨૦૧૫ તથા
- તા. ૨૮ અને ૨૯/૦૯/૨૦૧૫ દરમ્યાન First Aid Training વિદ્યાર્થિનીઓને આપવામાં આવી. જેમાં શ્રી ભાવિસિંહજી હોસ્પિટલ, પોરબંદરમાંથી શ્રી અરવિંદભમાઈ રાજયગુરૂએ સેવાઓ આપી હતી.

## ૯) Research Center અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૨૨/૦૯/૨૦૧૫ - Expert Lecture નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી આર.જી.ટી. કોલેજ, પોરબંદરના આરદણીય પ્રાધ્યાપકશ્રીઓ ડૉ. રામચંદ્ર મહેતાએ 'સંશોધન કાર્યના હેતુઓ, મહત્વ તથા માહિતીએકત્રીકરણની પ્રયુક્તિઓ' સંબંધિત વિગતવાર માહિતી અને માર્ગદર્શન પુરાં પાડયા હતા.

કાર્યક્રમનો પ્રારંભ ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા ૐકાર તથા સ્તુતિથી કર્યા પછી, સ્વાગત પ્રવચન ડૉ. ઈલાબહેન થાનકીએ તથા આભારવિધિ પ્રા. વર્ષાબહેન જોષીએ કર્યા હતા. અંતમાં, રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

## ૧૦) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૦૨/૦૮/૨૦૧૫ 'સુવિચાર સ્પર્ધા' જેમાં નિર્ણાયકશ્રી તરીકે પ્રા. વર્ષાબહેન જોષી હતા. જેના વિજેતાઓ,

(૧) રેખા એચ. જગતિયા (બી.એ. સેમ-૫) (૨) પુજા આર. ખૂંટી (બી.એ. સેમ-૫)

- તા. ૨૧/૦૯/૨૦૧૫ - સંસ્કૃત વિષયના પુસ્તકોનું પ્રદર્શન

## ૧૧) સ્કાઉટ એન્ડ ગર્લ્સ ગાઈડ અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૦૯/૦૮/૨૦૧૫ - સ્કાઉટ ગાઈડ ટ્રેનિંગ - નિષ્ણાત શ્રી ઉર્વિબહેન
- તા. ૧૧/૦૮/૨૦૧૫ - સ્કાઉટ ગાઈડ વ્યાખ્યાન વકતા શ્રી અંકિતાબહેન
- તા. ૧૫/૦૮/૨૦૧૫ - સ્કાઉટ ગર્લ્સ ગાઈડ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી
- તા. ૨૮/૦૯/૨૦૧૫ - વન ડે કેમ્પનું આયોજન
- તા. ૨૯/૦૯/૨૦૧૫ - ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ જેમાં નિષ્ણાત તરીકે શ્રી અરવિંદભાઈ રાજયગુરૂએ સેવાઓ આપી હતી.

## ૧૨) P.G. Section અંતર્ગત પ્રવૃતિઓ :-

- તા. ૨૧/૦૯/૨૦૧૫ ના રોજ, એમ.કોમ. ની વિદ્યાર્થિનીઓ માટે એક 'One Day Seminar' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. ચાવાલા સાહેબ (કે જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના સિન્ડિકેટ સભ્ય હોવા ઉપરાંત શ્રી શારદાગ્રામ કોલેજ માંગરોળની સાથે પણ સંકળાયેલા છે.) ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, મહિલા કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ, એમ.કોમ. વિભાગના પ્રો. ઈન્ચાર્જ શ્રી ડોડીયા સાહેબ, ડૉ. ઈલાબહેન થાનકી, શ્રી કલ્પનાબહેન જોષી, પ્રા. ઘેલાણી સાહેબ તથા દરેક વિદ્યાર્થિની બહેનો કોન્ફરન્સ હોલમાં ઉપસ્થિત હતા.



કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના તથા દિપપ્રાગટયથી કર્યા પછી, આરદણીય અતિથિશ્રીનું




સ્વાગત અને પરિચયવિધિ પ્રા. ડોડીયા સાહેબે કર્યા હતા. શ્રી વિસાણા સાહેબ તથા પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબે વિદ્યાર્થિનીઓને આવા વધુને વધુ કાર્યક્રમોનું આયોજન કરીને, પોતાની શક્તિઓને વિકસાવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું અને પછી દરેક વિદ્યાર્થિનીએ તેમને અગાઉથી અપાયેલા વિષયો અનુસાર પી.પી.ટી. તથા પેપર રીડીંગ દ્વારા અત્યંત પ્રભાવશાળી છણાવટ કરી હતી. આ સેમિનારમાં ચેર પર્સન તરીકે ડૉ. ચાવલા સાહેબ તથા કો-ચેર પર્સન તરીકે ડૉ. ઈલાબહેન થાનકીએ સેવાઓ આપી હતી અને તેમાં નીચે મુજબની વિદ્યાર્થિનીઓએ ઉચ્ચ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો.

(૧) પ્રથમ - બંસી કોટક
(૨) દ્વિતીય - નીરૂ ગોસ્વામી
(૩) તૃતીય - પૂજા આચાર્ય
(૪) ચતુર્થ - ઋચા રનિશ્વેર / મનીષા પરમાર (૫) પંચમ - નિરાલી થાનકી

આ પછી આદરણીય ડૉ. ચાવાલા સાહેબે વિદ્યાર્થિનીઓને બિરદાવવાની સાથોસાથ સંશોધન સંબંધી કેટલાંક અમૂલ્ય સુચનો પણ કર્યા હતા. અંતમાં, આભાર વિધિ પ્રા. ઘેલાણીસાહેબે કરી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી કલ્પનાબહેન જોષીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં આભા સેમેસ્ટર દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓનાં સર્ટિફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા. ડોડીયા સાહેબ, ડૉ. ઈલાબહેન થાનકી, શ્રી કલ્પનાબહેન જોષી, એમ.કોમ.ની વિદ્યાર્થિનીઓ તથા શ્રી રીણાભાઈ કોડીયાતરે જહેમત ઉઠાવી હતી તથા સૌને પ્રિ.શ્રી.ડૉ. નાગરાસાહેબ તથા ટ્રસ્ટીશ્રી વિસાણાસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૧૩) Health Centre અંતર્ગત પ્રવૃતિઓ :-

સપ્ટેબર-૨૦૧૫ દરમ્યાન દરેક વિદ્યાશાખાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના વજન, ઉંચાઈ, બ્લડગ્રુપ, હિમોગ્લોબીન, ડ્રગ્સ સેન્સીટીવીટી તથા આઈડેન્ટીટી માર્ક (શરીર પરનાં નિશાન) - વિગેરેની નોંધણી કરવામાં આવી તથા દરેક વિદ્યાર્થિનીને હેલ્થકાર્ડની ફાળવણી કરવામાં આવી. સાથોસાથ રોજિંદા ક્રમ અનુસાર, બિમાર વિદ્યાર્થિનીઓને દવા સારવાર અને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવેલ.

## ૧૪) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### (૧) ખેલકૂદ યોગ-વ્યાયામ ધારા :-

- જિલ્લા મહિલા રમતોત્સવની સ્પર્ધાઓમાં, હેન્ડબોલ, વોલીબોલ, કબડ્ડી તથા ખો-ખોની સ્પર્ધાઓમાં ડૉ. વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજની ટીમે ભાગ લઈને ચેમ્પીયનશીપ મેળવી.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા આયોજીત 'આંતરકોલેજ સ્પર્ધા' માં ભાગ લઇને, ખો-ખોની રમતમાં કોલેજ ટીમ રનર્સ અપ બની તેમજ બે વિદ્યાર્થિનીઓ નેશનલ રમતોત્સવમાં ભાગ લેવા માટે પસંદગી પામી તથા વોલીબોલ, હેન્ડબોલ અને સોફ્ટવોલમાં પણ એક-એક વિદ્યાર્થિની નેશનલ લેવલ પર રમવા માટે પસંદગી પામી.
- ટેબલ ટેનિસ, ચેસ અને કબડ્ડી જેવી રમતગમતની સ્પર્ધાઓમાં પણ કોલેજીની ટીમે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.

### (૨) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-

- તા. ૦૪/૦૮/૨૦૧૫ - ગુરૂપૂર્ણિમા નિમિતે વકતૃત્વ સ્પર્ધા - વિષય :- 'ગુરૂનો મહિમા' નિર્ણાયકશ્રી - ડૉ. ઈલાબહેન થાનકી.

વિજેતાઓ :- (૧) કુ. પુજા ઓડેદરા, (૨) કુ. ધ્વનિ ગાંધી, (૩) કુ. હેતલ ગોસ્વામી

- તા. ૨૫/૦૮/૨૦૧૫ - શિષ્ટ વાંચન સ્પર્ધા, નિર્ણાયકશ્રી - પ્રા. વર્ષાબહેન જોષી અને ડૉ. ઈલાબહેન થાનકી.

વિજેતાઓ :- (૧) કુ. ધારા પુરોહિત, (૨) કુ. શમશાહ ઈરોજ (૩) કુ. વનિતા મોઢવાડિયા અને કુ. કિંજલ પુરોહિત

- તા. ૦૮/૦૯/૨૦૧૫ - વાર્તાલાપ - 'ટાઈમ મેનેજમેન્ટ' જેમાં ડૉ. ઈલાબહેન થાનકી તથા પ્રા. વર્ષાબહેન જોષી દ્વારા વિશેષ માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું.

- તા. ૨૨/૦૯/૨૦૧૫ - Expert Lecture વિષય : Research વક્તા : ડૉ. રામચંદ્ર મહેતા - શ્રી આર.જી.ટી. કોલેજ, પોરબંદર.

**(૩) નાટયધારા :-**

- તા. ૧૧/૦૮/૨૦૧૫, (૧) નાટક - 'મનની માયા' - રજુઆત - ઉર્મિલા, ઈલા, વર્ષા, પુજા, પ્રિયંકા. (૨) નાટક વાંચન - 'અંધેરી નગરી -ગંડુ રાજા', રજૂઆત - વૈશાલી, (૩) ગુજરાતી નાટક - (પ્રોજેક્ટ પર) 'બા એ મારી બાઉન્ડ્રી ભાગ-૨'
- તા. ૦૧/૦૯/૨૦૧૫, (૧) સ્ટેજ રમત, વિષય - What's the difference ??. રજૂઆત - કૃપા ચાવડા, હીના નાંઢા, શમશાદ ગિરાચ

**(૪) સામુદાયિક સેવા ધારા :-**

- તા. ૦૫/૦૮/૨૦૧૫ 'દેશભકિત ગીત સ્પર્ધા' નિર્ણાયક શ્રી, ડૉ. રેખાબહેન મોઢા. વિજેતાઓ - (૧) દિપાલી એચ. ગોકાણી (બી.એ. સેમ.-૫), (૨) પ્રિયા એસ. મકવાણા (બી.એ.સેમ-૫), (૩) સંગીતા એલ. શીંગરખીયા બી.કોમ.સેમ.-૫
- તા. ૦૨/૦૯/૨૦૧૫ - 'N.R.G. Centre Rajkot દ્વારા NRI સાથે લગ્ન કરતાં પહેલાં જરૂરી જાગૃતિ' અંગેની સીડી વિદ્યાર્થિનીઓને બતાવવામાં આવી.
- તા. ૧૬/૦૯/૨૦૧૫ નિબંધ સ્પર્ધા - 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'. નિર્ણાયકશ્રી - ડૉ. ગીતાબહેન ઉનડકટ. વિજેતાઓ : (૧) પુજા એન. થાનકી (બી.કોમ. સેમ-૫), (૨) શિતલ એન. મોઢા (બી.કોમ. સેમ-૫), (૩) મિતલ જી. ઓડેદરા (બી.એ. સેમ-૩)
- તા. ૨૩/૦૯/૨૦૧૫ Expert Lecture વિષય : AIDS Awareness વક્તાશ્રી : શ્રી વર્ષાબહેન જોષી, કાઉન્સિલર, શ્રી ભાવસિંહજી હોસ્પિટલ, પોરબંદર.
- તા. ૩૦/૦૯/૨૦૧૫ - મહિલા કોલેજ બિલ્ડીંગ સફાઈ.

**(૫) ગીત-સંગીતધારા :-**

- તા. ૦૬/૦૮/૨૦૧૫, અંતાક્ષરી સ્પર્ધા. નિર્ણાયકશ્રી ડૉ. વાઘેલાસાહેબ. વિજેતાઓ, (૧) કુ. પુજા તેરૈયા, કુ. ધારા પુરોહિત અને કુ. હેતલ બામણિયા, (૨) કુ. સપના લાલ, કુ. રાજી ઓડેદરા તથા કુ. ઈલા ઝાલા.
- તા. ૨૪/૦૯/૨૦૧૫ - શીઘ્ર ફિલ્મીગીત સ્પર્ધા. નિર્ણાયકશ્રી - ડૉ. વાઘેલાસાહેબ. વિજેતાઓ - (૧) કિરણ સાદિયા, (૨) સંતોક પરમાર, (૩) અમી પઢિયાર.

સાથોસાથ આ કાર્યક્રમમાં પોરબંદરના જાણીતા કલાકાર શ્રી કલ્પના જોષીએ ભજન, પ્રાર્થના, લગ્નગીતો અને ફિલ્મી ગીતોની રજૂઆત કરી હતી.

**(૬) રંગ-કલા કૌશલ્ય ધારા :-**

- તા. ૦૧/૦૮/૨૦૧૫ - મહેંદી સ્પર્ધા. નિર્ણાયકશ્રી- શબીનાબહેન શિવાની. વિજેતાઓ : (૧) અશ્મા યુ. માજોઠી (૨) ભાવિશા ડી. ઓડેદરા, નિશા ટી. મુલચંદાણી (૩) હર્ષિદા ડી. ભરાડા

તથા કોસ્યો વર્ક (સુયાનું ભરત) P.P.T. પ્રેઝન્ટેશન નિષ્ણાતશ્રી ધારાબહેન ગોરતેલા.

- તા. ૨૧/૦૮/૨૦૧૫ - રાખડી સ્પર્ધા. નિર્ણાયકશ્રી - ડૉ. ભાવનાબહેન કેશવાલા. વિજેતાઓ : (૧) દિવ્યા ડી. કોરીયા, (૨) તેજલ પી.થાનકી, (૩) નિશા ટી. મુલચંદાણી
- તા. ૨૪/૦૮/૨૦૧૫ - એલીમેન્ટ્રી અને ઈન્ટરમીડીયેટ પરીક્ષાની પૂર્વતૈયારી/માર્ગદર્શન - ડૉ. સ્મિતાબહેન આચાર્ય તથા ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા પુરાં પાડવામાં આવ્યા.
- તા. ૨૪/૦૮/૨૦૧૫ - રીલાયન્સ ઈન્સ્ટીટયુટ, જામનગર દ્વારા આયોજીત ડ્રોઈંગ સ્પર્ધા. નિર્ણાયકશ્રી - ડૉ. સ્મિતાબહેન આચાર્ય અને ડૉ. ભાવનાબહેન કેશવાલા. વિજેતાઓ : (૧) પુજા એચ. સિંધવ, (૨) હેતલ એ. મસાણી, (૩) પ્રિયંકા આર. ઘેલાણી તથા રૂખસાદબાનુ એસ. સલેટ
- તા. ૧૨/૦૯/૨૦૧૫ - ડિઝાઈન છાપણી વર્કશોપ
- તા. ૨૭/૦૯/૨૦૧૫ - રૂમાલ પર ભરતકામ સ્ટીચ ડેમોસ્ટ્રેશન - નિષ્ણાત શ્રી હેતલબહેન દાવડા.

## ૧૫) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

**(૧) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-**

- તા. ૨૧/૦૯/૨૦૧૫ - સંસ્કૃત વિષયનાં પુસ્તકોનું પ્રદર્શન.
- સંસ્કૃત શોર્ટ ટર્મ કોર્ષ (તા. ૧/૦૭/૨૦૧૫ થી તા. ૩૦/૦૯/૨૦૧૫ સુધી) પૂર્ણ થયે પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૮ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી.
- તા. ૨૨/૦૯/૨૦૧૫ સંસ્કૃત અભ્યાસ વર્તુળ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંતર્ગત ઈસ્કોન ઈન્ટરનેશન સંસ્થા-વલ્લભવિદ્યાનગર દ્વારા આયોજીત 'શ્રીમદ્ ભાગવત ગીતા પરીક્ષા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં પર વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી.

**(૨) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-**

- તા. ૧૧/૦૮/૨૦૧૫ - BISAG Lecture જેમાં બી.એ.સેમ-૫ ની વિદ્યાર્થિનીઓએ 'પૂર્ણ હરીફાઈનાં લક્ષણો અને કિંમત નિર્ધારણ' અંગેનો વાર્તાલાપ નિહાળ્યો/સાંભળ્યો.
- તા. ૧૭/૦૮/૨૦૧૫ - Expert Lecture વિષય - 'વર્તમાન સમયમાં સ્ત્રી સશક્તિકરણ' વક્તાશ્રી - ડૉ. વિભાબહેન ભટ્ટ. અધ્યક્ષ - અર્થશાસ્ત્ર વિભાગશ્રી પી.ડી. માલવિયા કોલેજ, રાજકોટ.
- તા. ૧૦/૦૯/૨૦૧૫ - બી.એ. સેમ-૫ની વિદ્યાર્થિનીઓ દ્વારા, ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજના C.C.P.C. (Career Counselling and Placement Centre) ની વિઝિટ કરવામાં આવી. જ્યાં શ્રી કપિલભાઈ લાખાણી દ્વારા Competitive Exam ની તૈયારી અંગે વિગતવાર માહિતી પુરી પાડવામાં આવી.
- તા. ૧૯/૦૯/૨૦૧૫ - ક્વિઝ કોમ્પીટીશન. જેમની વિજેતા ટીમ. (૧) બી.એ.સેમ-૩ની વિદ્યાર્થિનીઓ ટીમ-C - પુજા ડી. થાનકી, કિરણ બી. ઓડેદરા, અનુષા યુ. ગોહેલ, કિંજલ આર. જોષી, બુદ્ધિ ડી. સુમાણિયા, ભાવિની એમ. ચાવડા. (૨) બી.એ./બી.કોમ. સેમ.-૫ની વિદ્યાર્થિનીઓ ટીમ-A - નીરૂ આર. ઓડેદરા, ભારતી જે. ઓડેદરા, રેખા જી. મોઢવાડીયા, મિતલ જી. સૂવા, ચાંદની એચ. થાનકી, મિતલ એચ. જોષી. (૩) બી.એ./બી.કોમ. સેમ-૧ ની વિદ્યાર્થિનીઓ ટીમ-B - જયશ્રી આર. પાંડાવદરા, ચામિની આર. જેઠવા, અંજની બી. શીંગરખીયા, ચાંદની એ. ગોસાઈ, હેતલ બી. ઓડેદરા, સોનલ સી. કુછડીયા.
- તા. ૨૬/૦૯/૨૦૧૫ BISAG Lecture જેમાં બી.એ.સેમ-૫ ની વિદ્યાર્થિનીઓએ I.M.E. ના હેતુઓ, કાર્યો અને વિવિધ રાષ્ટ્રોની વિકાસ અંગેની નીતિ અંગે રસપ્રદ માહિતી મેળવી.

**(૩) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-**

- તા. ૨૨/૦૮/૨૦૧૫ - મેરેજ સેમિનાર' નું આયોજન કરવામાં આવ્યું જેનો મુખ્ય હેતુ NRI સાથે લગ્ન કરતાં પહેલાં રાખવી જોઈતી સાવધાની અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે શ્રીમતી ભાવનાબહેન જોષીપુરા કે જેઓ રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી હોવા ઉપરાંત રાજકોટ શહેરના પૂર્વમેયરશ્રી પણ છે. તેમણે કાનૂની દષ્ટિકોણથી તેમજ અન્ય દષ્ટિએ રાખવી જોઈતી જરૂરી સાવધાની અંગે વિગતવાર માર્ગદર્શન પુરૂં પાડયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારશ્રી દ્વારા સંચાલિત NRG Centre Gandhinagar થી શ્રી ચૌધરીસાહેબ તથા NRG Centre Rajkot થી શ્રી નિર્મલસિંહ જાડેજા ખાસ પધાર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા પણ ખાસ હાજર રહ્યા હતા. પોરબંદર જિલ્લાના એડિશનલ જજશ્રી શ્રી મુંગપરા સાહેબ પણ ખાસ સમય ફાળવીને હાજર રહ્યા હતા અને હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટરશ્રી પુષ્પાબહેન જોષી પણ હાજર હતા. કાર્યક્રમમાં તમામ વિદ્યાશાખાઓમાં સેમ-૫માં અભ્યાસ કરતી ૪૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. તમામનું રજીસ્ટ્રેશન કરીને દરેક વિદ્યાર્થિનીને કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. રેખાબહેન મોઢા, ડૉ. કીર્તિબહેન જાની તથા સમાજશાસ્ત્ર વિભાગની સેમ-૫ની વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

**(૪) કોમર્સ (અંગેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-**

- તા. ૦૨/૦૮/૨૦૧૫ - દેશભક્તિ ગીત, રાખડી તથા કાર્ડ મેકીંગ સ્પર્ધાઓનું આયોજન કરાયું. જેમાં દેશભક્તિ ગીત સ્પર્ધા - નિર્ણાયકશ્રી
- પ્રા. વિપુલભાઈ દાસાણી તથા પ્રા. રિદ્ધિબહેન ગોટેચા. વિજેતાઓ : (૧) કુ. શિતલ વદર (સેમ-૩), (૨) કુ. કાજલ ખોખરી (સેમ-૧) અને કુ. પ્રજ્ઞા ઓડેદરા સેમ-૩, (૩) કુ. સમશાહ ગિરાચ (સેમ-૩) અને કુ. રેહાના મુલાની (સેમ-૧), (૪) કુ. આયુષી મદલાણી (સેમ-૩) અને કુ. રેણુકા પ્રતિષ્ઠા (સેમ-૩).આ સ્પર્ધામાં ૨૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.
- રાખડી સ્પર્ધા : નિર્ણાયકશ્રી- પ્રા. મિતલ જેઠવા તથા શ્રી સુનિતા પોપટીયા. વિજેતાઓ : (૧) કુ. કેતકી ભણસાલી (સેમ-૧), (૨) કુ. હીના જોષી (સેમ-૩) અને કુ. કૃપા ચરડવા (સેમ-૩) (૩) કુ. ભક્તિ જોષી સેમ-૧ અને કુ. મિતલ કોટીયા (સેમ-૩). આ સ્પર્ધામાં ૧૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

- Card Mking Competition : નિર્ણાયકશ્રી - પ્રા. મિતલ જેઠવા તથા શ્રી સુનિતા પોપટીયા. વિજેતાઓ : (૧) કુ. રાધિકા હિંડોચા (સેમ-૧), (૨) કુ. હિરાલી ગોરખીયા (સેમ-૫), (૩) કુ. દષ્ટિ મોતીવરસ (સેમ-૧). આ સ્પર્ધામાં ૨૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.
- તા. ૧૨/૦૯/૨૦૧૫- 'ધંધાકીય પ્રશ્નાવલિ તૈયાર કરવા માટેની સ્પર્ધા'. આયોજક - પ્રા. જાનકીબહેન કોટેચા. નિર્ણાયકશ્રી - પ્રા. રિદ્ધિબહેન ગોટેચા. પ્રથમ વિજેતા ટીમ - સેમ-૫ની વિદ્યાર્થિનીઓ. કુ. ઘડા ઝરીના, કુ. ગોરખીયા હિરાલી, કુ. પાણખાણિયા એકતા તથા કુ. દલાલ નિયતિ.

**(૫) હોમસાયન્સ અભ્યાસવર્તુળ :-**

- તા. ૧૪/૦૮/૨૦૧૫ - રંગબાઈ પિકનિક.
- તા. ૨૪/૦૯/૨૦૧૫ - Expert Lecture - વક્તાશ્રી શ્રી અંજનાબહેન જોષી (Child Development Programme Officer)
- તા. ૨૮/૦૯/૨૦૧૫ - વિઝિટ - તાજાવાલા સ્કુલ ECCE Center

## ૧૬) વર્ષગાંઠ અભિનંદન :-

- પ્રસ્તુત અંકમાં ઓક્ટોબર-૨૦૧૫ તથા નવેમ્બર-૨૦૧૫ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમની વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં 'જ્યોર્તિગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

૧) ઓક્ટોબર-૨૦૧૫

- તા. ૦૧ ઓકટોબર - ડૉ. કીર્તિબહેન જાની
- તા. ૨૫ ઓકટોબર - ડૉ. ઈલાબહેન થાનકી
- તા. ૨૮ ઓકટોબર - ડૉ. રેખાબહેન મોઢા
- તા. ૧૭ ઓકટોબર - શ્રી ભારતીબહેન શીંગરખીયા
- તા. ૨૪ ઓકટોબર - પ્રા. જાનકીબહેન કોટેચા
- તા. ૧૪ ઓકટોબર - પ્રા. ચાંદનીબહેન દવે
- તા. ૦૭ ઓકટોબર - પ્રા. અંજનાબહેન ગાધેર

(૨) નવેમ્બર-૨૦૧૫

- તા. ૧૧ નવેમ્બર - આદરણીયા ટ્રસ્ટીશ્રી મધુસુદનભાઈ મહેતા
- તા. ૨૯ નવેમ્બર - ડૉ. સ્મિતાબહેન આચાર્ય
- તા. ૨૯ નવેમ્બર - ડૉ. સંગીતાબહેન પારેખ
- તા. ૧૭ નવેમ્બર - શ્રી જેસાભાઈ ઓડેદરા
- તા. ૨૫ નવેમ્બર - પ્રા. વિપુલભાઈ દાસાણી
- તા. ૧૩ નવેમ્બર - પ્રા. ખુશાલભાઈ શીલુ
- તા. ૧૪ નવેમ્બર - પ્રા. પ્રતીક્ષા ઠાકર
- તા. ૦૭ નવેમ્બર - શ્રી દેવશીભાઈ ઝાલા

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૭) ટીચર્સ કોર્નર :-

માનવજીવનની વેદના માત્ર કડવી છે પણ વેદના વગર વિકાસ પણ સંભવ નથી વેદનાથી બુદ્ધિની સમજણ અને આચારનું ઊંડાણ વધે છે. આમ, વિકાસના આસું કોઈ શુદ્રતા નથી પણ ગૌરવ છે.

**- પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા (ગુજરાતી વિભાગ)**

પહાડની ટોચે ચઢવા માટે સહેજ ઝૂંકીને ચાલવું પડે જિંદગીનું પણ કંઈક એવું જ છે.

**- પ્રા. પારેખ સંગીતા સી. (હિન્દી વિભાગ)**

## ૧૮) સ્ટુડન્ટ કોર્નર :-

### ક્યાંથી

વિતેલા સમયને શોધવો ક્યાંથી
ઈચ્છેલા સમયને લાવવો ક્યાંથી
સમય સુખનો હોય કે દુઃખનો
એને યાદગાર બનાવવો ક્યાંથી

જીંદગી વેડફી નાખી છે આખી
પછી પસ્તાવા માટે સમય ક્યાંથી
શું કર્યું જીંદગી આખી એમ
અંત સમયે વિચારતા કેમ નથી
હૈયામાં ધગશ હશે તો અખૂટ
હિમ્મત હોય તો જો કરવું હોય
જીવનમાં કાંઈ તો આ
સુવર્ણ સમય ક્યાં નથી

-પુરોહિત જસ્મીન સી.
એસ.વાય.બી.કોમ. (આઈ.ટી.)

### ગુરુ

ગુરુ એટલે તો સરિતાનો સાગર,
ગુરુ તો છે અમૃતની ગાગર. !

ગુરુ એટલે તો પહેલો વરસાદ,
ગુરુ તો છે પ્રભુનો પ્રસાદ. !

ગુરુ એટલે તો રણમાં ગુલશન,
ગુરુ તો છે અંધારાનો દુશ્મન. !

ગુરુ એટલે તોપદ નહી પણ પ્રભુ,
ગુરુ તો છે જગતનો વિભુ !

ગુરુ એટલે તો આત્માનું દર્શન,
ગુરુ તો છે કૃપણનું સુદર્શન !

ગુરુ એટલે તો જ્ઞાનનો ભંડાર,
ગુરુ તો છે વિશ્વનો આધાર

મનિષા જોષી.
(એસ.વાય.બી.કોમ.-આઈ.ટી.)

આ જીંદગી પણ કેવો સમય દેખાડે છે.
ક્યારેક હસાવે છે તો ક્યારે રડાવે છે.
આંસુ બની કોઈની આંખ ભીંજવે છે.
હાસ્ય બની કોઈના હોઠ મલકાવે છે.
દુઃખના દિવસોમાં દિલાસો આપીને
સુખના કિરણોની આંખ પ્રગટાવે છે.
મંજીલની આશામાં દુર-દુર લટકાવે છે.
મંજીલ આપણી પાસે જ બનાવી
આ જીંદગી પણ કેવો સમય દેખાડે છે.

-પુરોહિત જસ્મીન સી.
એસ.વાય.બી.કોમ. (આઈ.ટી.)



**સુવિચાર**

૧. સુંદરતાનું અભિમાન કોઈ દિવસ ન રાખો કારણ કે, સુંદરતા એ આપણું અભિમાન તોડે છે.

૨. જીંદગીમાં પાપ અને પુણ્યનું મહત્વ નથી હોતું, પરંતુ જીંદગીમાં કેવા કર્મો કર્યા છે. તેનું મહત્વ છે.

૩. જીંદગીમાં ખરાબ કાર્ય કરતા વાર નથી લાગતી, પરંતુ પછી સારું થવા માટે આખી જીંદગી લાગે છે.

-જાદવ રેખા આર.
(બી.એસ.સી.એચ.એસ.સી. સેમ-૩)

## ૧૯) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

My dear students,

**Life and education always go hand-in-hand.** As we march ahead into the second term it is important, among many other aspects of education, to know the **symbolic** value of all the festivals that we celebrate so that we are properly oriented into its deeper meaning and value. The 'Navratri,' quintessentially is a period of sadhana wherein one worships the various forms of Devi-Shakti. Devotees fast and perform penances and austerities to purify their selves and thus become **worthy of establishing a direct communion with the Shakti principle of God.** Let us all, similarly, rededicate ourselves to the important task of **self-purification and self-realization** with full vigour and enthusiam.

Jay Maa Durga.
-Dr. Nagar sir

## ૨૦) તંત્રી સ્થાનેથી :-

વૈદિક સંસ્કૃતિની કરોડરજ્જુ સમાન વર્ણવ્યવસ્થાનું ખંડન કરનાર, આસુરી અને ભોગવાદી વિચારના પુરસ્કર્તા બલિનું દમન, વામન ભગવાને આજ દિવસે કર્યું હતું અને લોકોએ ઉત્સવ મનાવી ઘરે-ઘરે દીપ પ્રગટાવ્યા હતા. અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક એટલે દીપોત્સવી. દીપોત્સવીના દિવસે બહાર તો દીવા પ્રગટાવવાના જ પરંતુ તેની સાથે સાથે પ્રત્યેકના અંતરમાં પણ દીવો પ્રગટાવો જોઈએ. અંતમા, એ પરમ કૃપાળુ પરમાત્મા પાસે કવિ ન્હાનાલાલના શબ્દોમાં માંગવું હોય તો એટલું જ માંગીએ.

'ઉંડા અંધારેથી પરમ તેજે તું લઇ જા' અને દીપનું પૂજન કરી તેની પાસેથી દિવ્ય જીવનનો સંદેશ લઇએ.

**ડૉ. રેખાબહેન મોઢા** **શ્રી કલ્પનાબહેન જોષી**

**શ્રી સુરેશભાઈ ગોરસીયા**

**પ્રા. વર્ષાબહેન જોષી** **પ્રા. ઋષિભાઈ પંડયા**